તારીખ -> 7/3/2026

SPANDANA

પ્રતિ,.

પી.આઈ.સાહેબ,

દાહોદ પોલીસ સ્ટેશન,

દાહોદ,દાહોદ,ગુજરાત -389151.

ફરીયાદી –

ચૌહાણ ચંદ્રપાલસિંહ અરુણસિંહ રહે.- સ્પંદના સ્ફુતિ ફાઇનાન્સ લિમિટેડ,રળીયાતી રોડ,હનુમાનજી મંદિર નજીક,દાહોદ,ગુજરાત -389151 મો.- 9510712330/7984616091.

વિષય: સ્પંદના સ્ફુતિ ફાઇનાન્સ કંપનીના રૂપિયા લઈને ભાગી-ગયેલ ,તેમજ કંપની સાથે નાણાકીય છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરવા બાબત.

ચૌહાણ ચંદ્રપાલસિંહ અરુણસિંહ રહે.- સ્પંદના સ્ફુતિ ફાઇનાન્સ લિમિટેડ,રળીયાતી રોડ,હનુમાનજી મંદિર નજીક,દાહોદ,ગુજરાત -389151 છે. હું છેલ્લા 3 વરસ થી સ્પંદના સ્ફુતિ ફાઇનાન્સ કંપનીમાં કામ કરું છું. હું દાહોદમાં આવેલી શાખાના શાખા મેનેજર તરીકે ફરજ બજાવું છું. સ્પંદના સ્ફુર્તિ ફાઇનાન્શિયલ લિમિટેડ કંપનીને ભારતીય રિઝર્વ બેંક દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ છે. જેનો રજીસ્ટ્રેશન નંબર (N-09.00414) છે.જેની મુખ્ય ઓફિસ હૈદરાબાદ,તેલંગાણામાં છે. અમારી આ કંપની RBI ના નિયમો મુજબ કાર્ય કરે છે.

અમારી કંપની સ્પંદના સ્ફુર્તિ ફાઇનાન્શિયલ લિમિટેડ ગૃહ ઉદ્યોગો અને સ્વનિર્ભરતા માટે જરૂરિયાતમંદ બહેનોને ગ્રુપમાં લોન આપવાનું કામ કરી રહી છે. અને આ લોન આપવાની કામગીરી અમારી કંપનીના વિવિધ કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. સૌથી પહેલા લોન માટે ગ્રાહકોના જરૂરી પુરાવા લોન ઓફિસર દ્વારા સ્વીકારીને અરજી કરવામાં આવે છે. ત્યારબાદ મંજુર થયેલ લોનના પુરાવાની તપાસની કામગીરી બ્રાન્ચ મેનેજર દ્વારા કરવામાં આવે છે . ત્યારબાદ તપાસ પૂરી થયા પછી ગ્રાહકોને શાખામાં બોલાવીને તેમનો દસ્તાવેજ બનાવીને ગ્રાહકોના બેંક ખાતામાં રૂપિયા નાખવામાં આવે છે. અમારી આપેલી લોન 2 વરસ સુધીની હોય છે અને તેના માસિક 24 હપ્તા આવે છે. હપ્તાની લેવડ દિવસ રોકડમાં કરવામાં આવે છે જે અમારા શાખાના લોન ઓફિસર દ્વારા ગ્રાહકોના ઘરે જઈને કરવામાં આવે છે .લોન ઓફિસર હપ્તાની ઉઘરાણી કરીને સાંજે દિવસ પૂરો થતા પહેલા ઓફિસમાં હપ્તાના રૂપિયા જમા કરાવે છે. અને બ્રાન્ચ-મેનેજર આ રૂપિયાને એકઠા કરીને કંપનીના બેંક ખાતામાં જમા કરાવે છે. આ અમારી કંપનીમાં શાખાના લોન ઓફિસરની કામ કરવાની પદ્ધતિ છે.

Scanned with OKEN Scanner

SPANDANA

અમો ફરિયાદીની ફરિયાદ એ છે કે....

અમારી સ્પંદના સ્ફુર્તિ ફાઇનાન્શિયલ લિમિટેડમાં કામ કરતા કર્મચારી 1) વિજયપાલસિંહ પવાર - SF0096737 નામે હતા. તેમનું કામ ગામડામાં બહેનોને આપેલી લોનના હપ્તા લાવીને તેનો હિસાબ રાખીને શાખામાં જમા કરાવવાનું હતું. સદર હકીકત એ છે કે આ ત્રણ ઈસમો અમારી શાખામાં છેલ્લા 6 મહિનાથી લઈને 1 વર્ષથી કામ કરતા હતા. ગત ત્રિમાસિક ઓડિટ દરમ્યાન તેમની ગ્રાહકો સાથેની લેવડ-દેવળમાં શંકા જતા ઓડિટ ટીમ દ્વારા વધુ તપાસ કરતા જણાઈ આવેલ છે કે તેમને ગ્રાહકોના હપ્તાના રૂપિયા પોતાના સ્વખર્ચ માટે વાપરીને કંપની માં જમા કરાવ્યા નથી . જેની રકમ કુલ 3630 રૂપિયા તેઓ ગ્રાહકોના હપ્તા લઈને આવ્યા છે પણ કંપનીમાં જમા કરાવ્યા નથી. આમ કંપનીએ તેમના પર ભરોસો રાખીને જે જવાબદારી આપી હતી તેનો દુરૂપયોગ કર્યો છે તથા સાથે મળીને કંપનીને કુલ રૂપિયા 3630/- ( અંકે રૂપિયા ત્રણ હજાર છસો ત્રીસ પુરા)નું નુકસાન કરેલ છે. તેમને વારંવાર જાણ કરવા છતાં તેઓ કંપનીના રૂપિયા જમા કરાવતા નથી અને નોકરી છોડીને ભાગી ગયેલ છે.

આમ અમારી કંપનીમાં કામ કરીને આમારી કંપની સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરી મોટાપાયે કંપનીનું આર્થિક નુકસાન કરેલ હોવાથી તેમની વિરુદ્ધ કાયદેસર થવા મારી ફરિયાદ છે.

સ્પંદના સ્ફૂર્તિ ફાઇનાન્સિય લિમિટેડ.

SPANDANA SPHOORTY FINANCIAL LIMITED * DAHOD

Scanned with OKEN Scanner